**ડોયલેસ્ટાઉન હોસ્પિટલ**
**નાણાકીય સહાય નીતિ ("એફએપી")**

વર્ગીકરણઃ નાણાકીય સેવાઓ
પ્રારંભિક વિભાગઃ દર્દીને ઍક્સેસ
લેખકઃ નિયામક, દર્દી એકાઉન્ટિંગ

અસરકારક તારીખ: 1 જૂલાઈ , 2016
છેલ્લી સમીક્ષા કરેલ તારીખઃ 30 જૂન, 2016
અધિકૃતતાઃ Eleanor Wilson, Dan Upton

**હેતુ:**

જેમને ડોયલેસ્ટાઉન હોસ્પિટલ ("ડોયલેસ્ટાઉન") અને કોઈપણ "નોંધપાત્ર સંબંધિત એન્ટિટી" દ્વારા પૂરી પાડવામાં આવતી કટોકટી અથવા તબીબી જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓને લગતી નાણાકીય સહાયની જરૂર હોય તેવા સમુદાયના સભ્યોના ઓળખની એક સુસંગત પદ્ધતિ પૂરી પાડવ.

**નીતિઃ**

ડોયલેસ્ટાઉન નું ધ્યેય જીવનના ગુણવત્તામાં સતત સુધારો લાવવાનું અને અમે સેવા આપીએ છે તે વ્યક્તિઓના આરોગ્ય અને કલ્યાણ માટે સક્રિયપણે હિમાયત કરવાનું છે. સહયોગ અને નવીનીકરણ દ્વારા ઉત્સાહપૂર્વક આરોગ્યસંભાળની શ્રેષ્ઠતાને હાંસલ કરવાની દ્રષ્ટિ સાથે, અમે અમારા દર્દીઓ અને અમારા સમુદાય માટે વધુ જીવંત અને તંદુરસ્ત વિશ્વને પ્રેરિત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આવું કરવાના પ્રયાસમાં, આરોગ્યસંભાળ જરૂરી હોય અને અવીમાકૃત, અલ્પવીમાકૃત, અન્ય સરકારી સહાય માટે અયોગ્ય, અથવા તો તેમની વ્યક્તિગત નાણાકીય પરિસ્થિતિના આધારે ઉભરતી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે ચૂકવણી કરવામાં અસમર્થ હોય તેવા વ્યક્તિઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે ડોયલેસ્ટાઉન પ્રતિબધ્ધ છે

જે લોકોને આરોગ્યસંભાળ સેવાઓની જરૂર હોય તેવા લોકોની નાણાકીય ક્ષમતા તેમને સંભાળ માગવાથી અથવા મેળવવાથી તેમને રોકે છે કે નહીં તેની ખાતરી કરવાનો પ્રયત્ન ડોયલેસ્ટાઉન કરે છે.

નાણાકીય સહાય વ્યક્તિગત જવાબદારી માટે અવેજી ગણવામાં આવતી નથી. નાણાકીય સહાય અરજીઓ, ચૂકવણીના અન્ય પ્રકારો મેળવવા અથવા ચૂકવણી કરવાની તેમની વ્યક્તિગત ક્ષમતાને આધારે તેમના સંભાળ ખર્ચમાં યોગદાન આપવા માટે ડોયલેસ્ટાઉનની કાર્યવાહીઓ સાથે દર્દીઓ સહકાર આપે તેવી અપેક્ષા છે.

નાણાકીય સહાય માત્ર કટોકટી અથવા અન્ય તબીબી રીતે આવશ્યક આરોગ્યસંભાળ સેવાઓ માટે જ ઉપલબ્ધ હોય છે. ડોયલેસ્ટાઉન હોસ્પિટલમાં પૂરી પાડવામાં આવતી તમામ સેવાઓ આ એફએપી હેઠળ આવરી લેવામાં આવતી નથી. કૃપા કરી ડોયલેસ્ટાઉન હોસ્પિટલ સુવિધામાં કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડતા પ્રદાતાઓની એક યાદી માટે કૃપા કરી પરિશિષ્ટ 'એ'નો સંદર્ભ લો. આ પરિશિષ્ટ સ્પષ્ટ કરે છે કે ક્યા પ્રદાતાઓ આ એફપીએ હેઠળ આવરી લેવામાં આવે છે અને ક્યા નહીં. જરૂર હોય તો, પ્રદાતા યાદીની સમીક્ષા ત્રિમાસિક રીતે કરવામાં આવશે અને અપડેટ કરવામાં આવશે.

**કટોકટી તબીબી સંભાળ :**

ડોયલેસ્ટાઉન કોઇપણ જાતના ભેદભાવ વગર વ્યક્તિઓની નાણાકીય સહાય ક્ષમતા અથવા ચૂકવણી કરવાની ક્ષમતા ધ્યાનમાં લીધા વગર તમામ કટોકટી તબીબી પરિસ્થિતિઓમાં તેમને સંભાળ પૂરી પાડશે. ફેડરલ ઇમરજન્સી મેડિકલ ટ્રીટમેન્ટ એન્ડ એક્ટીવ લેબર ટ્રાન્સપોર્ટ એક્ટ, 1986 (ઈએમટીએએલએ ) ના ધોરણોનું અને સારવાર મેળવવા માટે કટોકટી વિભાગમાં આવતી કોઈપણ વ્યક્તિ માટેની કટોકટી તબીબી પરિસ્થિતિને સ્થિર કરવા માટે જરૂર હોય તે મૂજબ તબીબી તપાસ પરીક્ષણ અને આવી વધુ સારવાર પૂરી પાડવા માટેના ઇએમટીએએલએના કેટલાંક નિયમોનું પાલન કરવાની ડોયલેસ્ટાઉનની નીતિ છે.

**વ્યાખ્યાઓ :**

**ડોયલેસ્ટાઉન હોસ્પિટલ**
**નાણાકીય સહાય નીતિ ("એફએપી")**

*અરજીનો સમયગાળો:* એ સમયગાળો જેમાં નાણાકીય સહાયતા માટે કોઇપણ વ્યક્તિ અરજી કરી શકે છે. આંતરિક આવક કોડ §501(r)(6) પ્રમાણે, અરજીનો સમયગાળો વ્યક્તિને પૂરું પાડવામાં આવેલ પ્રથમ પોસ્ટ-ડિસ્ચાર્જ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખથી 240 દિવસો સુધીનો હોય છે.

*અલ્પ-વીમાકૃત:*દર્દી પાસે અમુક સ્તરની વીમા અથવા તૃતીય પક્ષ સહાય હોય છે તેમ છતાં ખિસ્સા ખર્ચાઓ હોય છે જે તેની અથવા તેણીની નાણાકીય ક્ષમતાઓ કરતાં વધુ હોય છે.

*અવીમાકૃત:* તેની અથવા તેણીની ચૂકવણી જવાબદારીઓ પૂરી પાડવા માટે દર્દી પાસે વીમા અથવા તૃતીય પક્ષ સહાયનું કોઇ સ્તર હોતું નથી.

*અસાધારણ સંગ્રહ ક્રિયાઓ ("ઈસીએએસ"):* વેતન ભરવું , મિલકત પર પૂર્વાધિકાર રાખવો અને ક્રેડિટ એજન્સીઓને જાણ કરવી સહિત, પણ તેટલા પૂરતી મર્યાદિત નહીં, તેવી તમામ કાનૂની અથવા ન્યાયિક પ્રક્રિયાઓ. ઇસીએમાં અન્ય પક્ષને વ્યકિતના દેવાનું વેચાણ, મુકદ્દમા, નિવાસસ્થાનો પર પૂર્વાધિકાર, ધરપકડ, શરીર જોડાણો અથવા અન્ય સમાન એકત્રીકરણની પ્રક્રિયાઓ સમાવિષ્ટ છે પરંતુ તે તેટલા પૂરતી મર્યાદિત નથી.

*કુટુંબ:* સેન્સસ બ્યુરોની વ્યાખ્યાનો ઉપયોગ કરીને, એકસાથે રહેતા અથવા જન્મ, લગ્ન અથવા દત્તક દ્વારા સંબંધિત હોય તેવા બે કે તેથી વધુ લોકોનું એક જૂથ. ઇન્ટર્નલ રેવન્યુ સર્વિસ ("આઇઆરએસ") નિયમો અનુસાર, જો દર્દી કોઇપણ વ્યક્તિને તેના આવકવેરા રીટર્ન પર આશ્રિત હોવાનો દાવો કરે છે, તો તેમને નાણાકીય સહાયની જોગવાઈના હેતુસર આશ્રિત ગણવામાં આવી શકે છે.

*કુલ ખર્ચ:* કોઈપણ કરાર લગતા ભથ્થાંઓ, ડિસ્કાઉન્ટ અથવા કપાતો લાગુ કરતાં પહેલાં દર્દીઓ પર સુસંગત અને એકસરખી રીતે વસૂલવામાં આવતી તબીબી સંભાળ માટેની હોસ્પિટલ સુવિધાની પૂર્ણ, સ્થાપિત કિંમત.

*કૌટુંબિક કદ:* એક જ પરિવારમાં રહેતી તમામ વ્યક્તિઓ, જેમાં (આઇઆરએસ દ્વારા નિર્ધારિત કર્યા મૂજબ) માતાપિતા (ઓ) અને બધા આશ્રિતોને એક પરિવારના સભ્યો ગણવામાં આવે છે.

*ઘરેલુ કુલ આવક:* કુટુંબમાં સમાવિષ્ટ તમામ વ્યક્તિઓના વેતન, વ્યાજ, ડિવિડંડ, લાભના ચેક (બેરોજગારી, કામદારોનું વળતર, સામાજિક સુરક્ષા (એસએસડી, એસએસઆઇ, વગેરે) ભાડાં અને ટ્રસ્ટ જેવા નાણાકીય વળતરો.

*તબીબી રીતે આવશ્યક સેવાઓ:* માંદગી અથવા ઇજાના નિદાન અથવા સારવાર માટે અથવા એક દૂષિત શરીર સભ્યનું કાર્ય સુધારવા માટે વાજબી અને જરૂરી આરોગ્યસંભાળ સેવાઓ અથવા આઇટમો.

*નોંધપાત્ર રીતે સંબંધિત એન્ટિટી:* એક એવી સંસ્થા જે ફેડરલ ટેક્સ હેતુઓ માટે ભાગીદારી તરીકે ગણવામાં આવે છે જેમાં હોસ્પિટલ સંસ્થા મૂડી અથવા નફાનું વ્યાજ કમાવે છે (અથવા કોઇપણ ઉપેક્ષિત એન્ટિટી જેનો હોસ્પિટલ સંસ્થા એકમાત્ર માલિક અથવા સભ્ય છે) અને જે હોસ્પિટલ સંસ્થા દ્વારા સંચાલિત હોસ્પિટલ સુવિધામાં હોસ્પિટલ સંસ્થા સાથે સંબંધિત કોઈપણ અસંબંધિત વેપાર અથવા વ્યવસાય ન હોય તેવી કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ પૂરી પાડે છે.

*પ્લેઇન લેન્ગવેજ સમરી ("પીએલએસ"):* આ એફએપી હેઠળ ડોયલેસ્ટાઉન નાણાકીય સહાય આપે છે અને સ્પષ્ટ, સંક્ષિપ્ત અને સમજાય એવી વધારાની માહિતી પૂરી પાડે છે એવી જાણ કરતું એક લિખિત નિવેદન.

*ફેડરલ ગરીબી સ્તર (એફપીએલ):* દર વર્ષે આરોગ્ય અને માનવ સેવા વિભાગ દ્વારા ફેડરલ ગરીબી સ્તરો જારી કરવામાં આવે છે અને નાણાકીય યોગ્યતા નિર્ધારિત કરવા માટે તેમનો ઉપયોગ કરવામાં આવે છે.

*સામાન્ય રીતે બિલ કરેલ રકમ (એજીબી) :* કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય સંભાળના કિસ્સામાં ઇન્ટરનલ

**ડોયલેસ્ટાઉન હોસ્પિટલ**
**નાણાકીય સહાય નીતિ ("એફએપી")**

રેવન્યૂ કોડ §501 (આર) (5) મુજબ, એફએપી-લાયક દર્દીઓ પાસેથી આવી સંભાળ આવરી લેતો વીમો હોય એવા વ્યક્તિ કરતાં વધુ શુલ્ક વસૂલવામાં નહીં આવે.

*સામાન્ય રીતે બિલ કરેલ રકમોની ટકાવારી:*એફએપી હેઠળ સહાયને પાત્ર હોય તેવી વ્યક્તિને હોસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવતી કોઈપણ કટોકટી અથવા અન્ય તબીબી રીતે આવશ્યક સંભાળ માટે એજીબી નક્કી કરવા માટે હોસ્પિટલ સુવિધા દ્વારા ઉપયોગ કરાતા કુલ ખર્ચની ટકાવારી.

<u>પાત્રતા માપદંડ:</u>

જો દર્દીઓ નીચે આપેલ માપદંડ પૂરું કરતાં હોય તો તેઓ નાણાકીય સહાય માટે લાયક બની શકે છેઃ

- સુનિશ્ચિત તબીબી રીતે જરૂરી સેવાઓ આવરી લેતું હોય તેવું કોઇપણ સરકારી અથવા ખાનગી વીમા કવરેજ દર્દી/બાંયધરી આપનાર પાસે ન હોય;
- દર્દી/બાંયધરી આપનાર વ્યક્તિએ કોઇ પણ વીમાના લાભો લઇ લીધાં હોય અને તે તબીબી રીતે નિર્ધન બની ગયો હોય;
- દર્દી/બાંયધરી આપનાર વ્યક્તિ તબીબી રીતે જરૂરી સેવાઓ માટે નિયુક્ત કરવામાં આવી છે અથવા પ્રાપ્ત કરવામાં આવી છે, જેના માટે તેમની પાસે ચૂકવણી કરવા માટેનું કોઈપણ નાણાકીય સાધન નથી; અથવા
- પરિસ્થિતીઓ બદલાઇ છે જેને કારણે દર્દી/બાંયધરી આપનાર વ્યક્તિ પાસે હાલની અથવા દોષિત પ્રવર્તમાન જવાબદારી ચૂકવવા માટે હવે કોઇપણ સાધન નથી.

નાણાકીય સહાય ત્રણ પરિબળોના આધાર પર મૂલ્યાંકિત કરવામાં અને પૂરી પાડવામાં આવશેઃ

- *કુટુંબ કદ;*
- ઘરેલુ કુલ આવક; અને
- આવકના પ્રમાણમાં અને સાર્વજનિક અથવા ખાનગી વીમાકર્તાઓ સાથે સમાધાન કર્યા પછી બાકી રહેલી સિલક.

**ડોયલેસ્ટાઉન હોસ્પિટલ**
**નાણાકીય સહાય નીતિ ("એફએપી")**

<u>નાણાકીય સહાય ડિસ્કાઉન્ટ:</u>
***મેડિકેઇડ:*** વર્તમાન રાજ્ય યોગ્યતા માપદંડના આધાર પર મેડીકેઈડ માટે એફપીએલના 100% જેટલી અથવા તેનાથી ઓછી ઘરેલુ કુલ આવક ધરાવતા દર્દીઓ શોધવામાં આવશે. જે વ્યક્તિઓ મેડિકેઇડ માટે લાયક લાગે તેમણે મેડિકેઇડ અરજી પ્રક્રિયા પૂરી કરવી પડશે.

| ઘરેલુ/ કુટુંબનું કદ | મહત્તમ ઘરેલુ આવક (2016 ફેડરલ ગરીબી માર્ગદર્શિકાઓના 100%) |
|---|---|
| 1 | $11,880 |
| 2 | $16,020 |
| 3 | $20,160 |
| 4 | $24,300 |
| 5 | $28,440 |
| 6 | $32,580 |
| દરેક વધારાની વ્યક્તિ માટે, ઉમેરો | $4,160 |

***સંપૂર્ણ નાણાકીય સહાય:*** એફપીએલના 250% જેટલા અથવા તેનાથી ઓછી ઘરેલુ કુલ આવક ધરાવતાં દર્દીઓ 100% નાણાકીય સહાય માટે પાત્ર છે.

| ઘરેલુ/ કુટુંબનું કદ | મહત્તમ ઘરેલુ આવક (2016 ફેડરલ ગરીબીની માર્ગદર્શિકાના 250%) |
|---|---|
| 1 | $29,700 |
| 2 | $40,050 |
| 3 | $50,450 |
| 4 | $60,850 |
| 5 | $71,250 |
| 6 | $81,650 |
| દરેક વધારાની વ્યક્તિ માટે, ઉમેરો | $10,400 |

***ડિસ્કાઉન્ટ આપેલ નાણાકીય સહાય:*** એફપીએલના 250% થી વધુ પરંતુ 400% કરતાં ઓછી ઘરેલુ કુલ આવક ધરાવતા દર્દીઓ, ડિસ્કાઉન્ટ આપેલ આરોગ્ય સંભાળ માટે પાત્ર છે. ઉપલબ્ધ ડિસ્કાઉન્ટ વાર્ષિક પૂર્વનિર્ધારિત સ્લાઇડિંગ સ્કેલ પર આધારિત હોય છે. સ્લાઇડિંગ સ્કેલ જોવા માટે કૃપા કરીને પરિશિષ્ટ 'બી'નો સંદર્ભ લો.

તૃતીય પક્ષ કવરેજ વિનાના, અવીમાકૃત દર્દીઓને કટોકટી અથવા તબીબી રીતે આવશ્યક સેવાઓ માટેના ખર્ચમાં 50% સ્વ-ચૂકવણીમાં છૂટ આપવામાં આવશે.

લાગુ થતી વીમા ચૂકવણીઓ અને સહ-ચૂકવણી પ્રાપ્ત થયા પછી અલ્પવીમાકૃત દર્દીઓ માટે વધારાની છૂટ લાગુ થઇ શકે છે.

<u>**દર્દીઓ પાસેથી વસૂલવામાં આવતી રકમની ગણતરીનો આધાર:**</u>

આઈઆરસી §501 (આર) (5) મુજબ ડોયલેસ્ટાઉન તેના એજીબી ટકાવારીની ગણતરી માટે લૂક-બેક પદ્ધતિનો ઉપયોગ કરે છે (ઇનપેશન્ટ માટે 26.1% / આઉટપેશન્ટ માટે 17.8%). એજીબીનાટકાવારીની ગણતરી વાર્ષિક ધોરણે કરવામાં આવે છે અને જે સેવાઓ માટેની મેડિકેઇડ ફી + તમામ ખાનગી આરોગ્ય વીમાકર્તાઓ દ્વારા મંજૂર કરવામાં આવેલા તમામ દાવાઓ પર આધારિત હોય છે, 12-મહિનાના સમયગાળા માટે, જેને તે દાવાઓ સાથે સંકળાયેલા કુલ ખર્ચથી વિભાજિત કરવામાં આવે છે. એજીબી નક્કી કરવા માટે લાગુ પડતી એજીબી% કુલ ચાર્જ પર લાગુ કરવામાં આવશે.

**ડોયલેસ્ટાઉન હોસ્પિટલ**
**નાણાકીય સહાય નીતિ ("એફએપી")**

આ પોલીસી હેઠળ નાણાકીય સહાય મેળવવા માટે પાતર તરીકે નિર્ધારિત કરેલ કોઇપણ વ્યક્તિને કોઇપણ કટોકટી અથવા અન્ય તબીબી રીતે આવશ્યક આરોગ્યસંભાળ સેવાઓ માટે એજીબી કરતાં વધુ ચાર્જ કરવામાં નહીં આવે. કોઇ પણ એફએપી-પાત્ર વ્યક્તિને હંમેશા એજીબીથી ઓછા અથવા આ એફએપી હેઠળ ઉપલબ્ધ કોઇપણ છૂટ માટે ચાર્જ કરવામાં આવશે.

**<u>સંભવિત પાત્રતા:</u>**

એવા પણ ઉદાહરણો છે જેમાં દર્દી નાણાકીય સહાય માટે પાત્ર લાગે છે, પણ સહાયક દસ્તાવેજીકરણની ઉણપને કારણે ફાઈલ પર કોઈ નાણાકીય સહાય ફોર્મ બાકી હોતા નથી. સંભવિત પાત્રતા ટ્રાન્સ યુનિયન હેલ્થકેર રેવન્યુ સાયકલ ક્રેડિટ રિપોર્ટ દ્વારા નક્કી કરી શકાય છે. સંભવિત પાત્રતા વ્યક્તિગત જીવન સંજોગોના આધારે પણ નિર્ધારિત કરી શકાય છે જેમાં સામેલ હોઇ શકે છે:

- રાજ્ય-ભંડોળથી ચાલતા પ્રિસ્ક્રિપ્શન કાર્યક્રમો;
- બેઘર;
- બિન-ભંડોળવાળા અન્ય રાજ્ય અથવા સ્થાનિક સહાય કાર્યક્રમો માટેની પાત્રતા (દા.ત., મેડિકેઇડ ખર્ચ);
- દર્દીની કોઈ જાણીતી સંપત્તિ નથી ; અને
- એન સિલ્વરમેન સામુદાયિક આરોગ્ય ચિકિત્સાલય નિ: શુલ્ક આરોગ્ય સંભાળ માટે પાત્રતા.

સંભવિત સંજોગોના સહજ સ્વભાવને લીધે, એકવાર નક્કી કર્યા પછી દર્દી એકાઉન્ટ સિલકની 100% સુધીના રાઇટ ઑફને પાત્ર બની શકે છે.

જો દર્દી સંભવિત રીતે, ઉપલબ્ધ સૌથી વધુ ઉદાર સહાયતા કરતાં ઓછા માટે પાત્ર હોવાનું નક્કી કરવામાં આવે તો, ડોયલેસ્ટાઉન વ્યક્તિને પીએલએસ પ્રદાન કરશે, જે વ્યક્તિને સંભવિત યોગ્યતા નિર્ધારણના આધાર વિશે સૂચિત કરવામાં સહાય કરશે અને આ નીતિ હેઠળ ઉપલબ્ધ વધુ ઉદાર સહાય પ્રાપ્ત કરવા માટે દર્દી કેવી રીતે અરજી કરી શકે છે તેની માહિતી પૂરી પાડશે. ડોયલેસ્ટાઉન સંભાળ માટે બચાવેલી ડિસ્કાઉન્ટેડ રકમ મેળવવા માટે કોઇપણ ઇસીએ શરૂ કરતા પહેલાં વ્યક્તિને વધુ ઉદાર સહાય માટે અરજી કરવા માટે વાજબી સમય આપશે.

**<u>અરજી કરવાની પદ્ધતિ:</u>**

નાણાકીય સહાય માટે ધ્યાનમાં લેવા માટે વ્યક્તિને નાણાકીય સહાય અરજી ("અરજી") સબમિટ કરવી પડશે. દર્દી અથવા દર્દીની બાંયધરી આપનાર વ્યક્તિને નાણાકીય જરૂરિયાત નિર્ધારિત કરવા માટે સહયોગ કરવો પડશે અનેવ્યક્તિગત, નાણાકીય અને અન્ય સંબંધિત માહિતી અને દસ્તાવેજો પૂરા પાડવા પડશે.

પાત્રતા માપદંડ પૂરું કરતા અને આ એફએપી હેઠળ આપવામાં આવતી નાણાકીય સહાય માટે અરજી કરવા માગતા દર્દીઓ અહીંથી અરજી મેળવી શકે છે:

https://www.doylestownhealth.org/for-patients-visitors/billing-finance/financial-assistance-program

(215)-345-2198 પર પેશન્ટ બિલિંગ એન્ડ ફાઇનાન્સિયલ સર્વિસિસ ઓફિસ પર કૉલ કરીને અરજીઓની વિનંતી કરી શકાય છે.

નીચેના સરનામે આવેલી પેશન્ટ બિલિંગ એન્ડ ફાઇનાન્સિયલ સર્વિસિસ ઓફિસ ઓફિસ ખાતે પણ અરજીના કાગળની નકલો ઉપલબ્ધ છે:

Doylestown Hospital
595 West State Street
Doylestown, PA 18901

**ડોયલેસ્ટાઉન હોસ્પિટલ**
**નાણાકીય સહાય નીતિ ("એફએપી")**

પેશન્ટ બિલિંગ અને ફાઇનાન્સિયલ સર્વિસિસ ઓફિસ હોસ્પિટલની મુખ્ય લોબીની નીચે તળ-મજલે આવેલી છે. ઓફિસમાં જવા માટે મુખ્ય લોબીમાં દાખલ થાવ અને વેલ બીન કોફી કાર્ટની પાછળ, ડાબી બાજુ પર આવેલી લિફ્ટમાં જવા સીધા જાવ. તળ-મજલે જવા લિફ્ટને નીચે લઈ જાવ અને લિફ્ટમાંથી બહાર આવો. એક વખત તળ-મજલા પર પહોંચો એટલે ડાબી બાજુ વળો અને પછીની પરસાળ પર ફરી ડાબી બાજુએ જાવ. પેશન્ટ બિલિંગ એન્ડ ફાઇનાન્સિયલ સર્વિસિસ ઓફિસ સીધી જ તમારી સામે જ હશે.

**<u>અરજીની પ્રક્રિયા અને જરૂરી દસ્તાવેજીકરણઃ</u>**

નાણાકીય સહાય માટે પાત્રતા ધરાવતા દર્દીઓને વહેલામાં વહેલી તકે ઓળખી કાઢવામાં આવશે. સેવા પૂર્વ, સેવાના સમયે અથવા સેવા બાદના ઇન્ટરવ્યૂમાં યોગ્યતા નિર્ધારણ કરી શકાય છે.

નાણાકીય સહાય માટે વિનંતી કરતાંદર્દીઓને નાણાકીય સહાય માટે વિચારણા કરવા માટે ડોયલેસ્ટાઉન નાણાકીય સહાય અરજી ("એપ્લિકેશન") પૂર્ણ કરવી પડશે. દર્દીઓને સંપૂર્ણ અને ચકાસી માહિતી, તેમજ નિર્ધારણ પ્રક્રિયામાં ઉપયોગ થઈ શકે તેવી અન્ય સમજૂતીઓ પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. જો કોઈપણ દર્દી અથવા કુટુંબનો સભ્ય અરજી પૂર્ણ નહીં કરી શકે , તો શક્ય હોય ત્યાં પેશન્ટ ઍક્સેસ એન્ડ ફાઇનાન્સિયલ સર્વિસિસ પ્રતિનિધિ સહાય કરશે.
તમારા પૂર્ણ કરેલ અરજી સાથે સબમિટ કરવા માટેના જરૂરી દસ્તાવેજો માટે કૃપા કરી અરજીનો સંદર્ભ આપો. આવશ્યક દસ્તાવેજોમાં નીચે આપેલ સામેલ છે, પરંતુ મર્યાદિત નથી:

- ફેડરલ ટેક્સ રિટર્ન;
- પેચેક સ્ટેબ્સ;
- વર્તમાન કલાક દીઠ દર અને સામાહિક કલાકોનું દસ્તાવેજીકરણ કરતું નિયોક્તાનું નિવેદન;
- નાણાકીય સ્થિતિના પુરાવા તરીકે સંચાલન પત્રો પણ સ્વીકારવામાં આવશે;
- અમુક ચોક્કસ સમયગાળા માટે કામ કરવાની અક્ષમતાને દર્શાવતો ફીઝીશીયનનો દસ્તાવેજી અહેવાલ;
- બેરોજગારી વળતર પત્ર;
- સામાજિક સુરક્ષા, પેન્શન અથવા વાર્ષિક નિર્ધારણ પત્ર; અથવા
- છેલ્લા છ મહિના માટેના નફા અને નુકસાનનાં નિવેદનો.

(જરૂરી દસ્તાવેજો સાથે) તમામ પૂર્ણ અરજીઓ આ સરનામે મેલ કરવા જોઈએ:

ડોયલેસ્ટાઉન હોસ્પિટલ
પેશન્ટ બિલિંગ એન્ડ ફાઇનાન્સિયલ સર્વિસિસ
595 West State Street
Doylestown, PA 18901

**<u>પાત્રતા નિર્ધારણો:</u>**

દર્દીઓ સાથે ઉપલબ્ધ દસ્તાવેજોની સમીક્ષા કરવા અને પાત્રતા નક્કી કરવા માટે નાણાકીય સલાહકારો ઉપલબ્ધ હોય છે. તેઓ દર્દીઓને નાણાકીય સહાયતા માટે કોઈપણ આવશ્યક અરજી પૂર્ણ કરવામાં મદદ પણ કરી શકે છે. એકવાર અરજી પૂરી કર્યા પછી, નાણાકીય સહાય પાત્રતા નિર્ધારણ બાબતે નાણાકીય સલાહકાર તમારી સાથે સંપર્ક કરશે.

*અપૂર્ણ અરજીઓ માટેની પ્રક્રિયા*

# ડોયલેસ્ટાઉન હોસ્પિટલ
# નાણાકીય સહાય નીતિ ("એફએપી")

નાણાકીય સહાય નિર્ધારણ શક્ય તેટલા જલ્દી કરવામાં આવશે, પરંતુ વિનંતીની તારીખથી ત્રીસ (30) કામકાજના દિવસો પછી નહીં. જો પર્યાપ્ત પેપરવર્ક પૂરું પાડવામાં ન આવે તો વિનંતીને અપૂર્ણ અરજી ગણવામાં આવશે.

જો અપૂર્ણ અરજી મળે તો ડોયલેસ્ટાઉન અરજદારને એફએપી-યોગ્યતા નિર્ધારણ કરવા માટે જરૂરી વધારાના માહિતી/દસ્તાવેજીકરણનું વર્ણન કરતી અને વિનંતી કરેલ દસ્તાવેજીકરણ પૂરું પાડવા માટે દર્દીને (30 દિવસ) વાજબી સમય પૂરો પાડતી એક લેખિત નોટિસ સાથેની અરજી આપશે. વધુમાં, ડોયલેસ્ટાઉન અને તેમના વતી કામ કરતા કોઈપણ તૃતીય પક્ષો, એફએપી- પાત્રતા નિર્ધારણ કરવામાં ન આવે ત્યાં સુધી ચુકવણી મેળવવા માટે કોઈ પણ ઇસીએને સ્થગિત કરશે.

*પૂર્ણ અરજીઓ માટેની પ્રક્રિયા*

એકવાર પૂર્ણ એપ્લિકેશન પ્રાપ્ત થઈ ગયા પછી, ડોયલેસ્ટાઉન:

- વ્યક્તિ સામે કોઈપણ ઇસીએ સ્થગિત કરવું (તેમની વતી કાર્ય કરતા કોઈપણ તૃતીય પક્ષો પણ હાથ ધરવામાં આવેલ ઇસીએને સ્થગિત કરશે);
- સમયસર રીતે એફએપી - પાત્રતા નિર્ધારણ બનાવો અને તેનું દસ્તાવેજીકરણ કરો; અને
- નિર્ધારણ અને નિર્ધારણના આધાર વિશે લેખિતમાં જવાબદાર પક્ષ અથવા વ્યક્તિને સૂચિત કરો.

નાણાકીય સહાય માટે પાત્ર ગણવામાં આવેલી વ્યક્તિને અનુકૂળ નિર્ધારણ વિશે લેખિતમાં સૂચિત કરવામાં આવશે. નોટિસમાં નીચેની બાબતોનો સમાવેશ થશે:

- સેવાઓની વિનંતી કરેલ તારીખ;
- નિર્ધારણ કરવામાં આવેલ તારીખ;
- અરજદારની આવક; અને
- નાણાકીય સહાય માટે ફાળવવામાં આવેલા ડોલરની રકમ અથવા ટકાવારી.

ઇન્ટરનલ રેવન્યુ કોડ §501 (આર) અનુસાર ડોયલેસ્ટાઉન નીચે આપેલી બાબતો પણ કરશે:

- લાગુ હોય તો, એફએપી - પાત્ર વ્યકિતને જે રકમ આપવામાં આવી છે તે રકમ કેવી રીતે નિર્ધારિત થઈ અને એજીબી સંબંધિત માહિતી કેવી રીતે મેળવી શકાય છે તે સૂચવતું બિલિંગ સ્ટેટમેન્ટ પૂરું પાડો;
- વ્યકિત દ્વારા અપાયેલી કોઈપણ વધારાની ચૂકવણીની રકમ પરત કરવી; અને
- અગાઉ દર્દી પાસેથી દેવું ઉઘરાવવા માટે લીધેલ કોઈપણ ઇસીએને ઉલટાવવા માટે ઉપલબ્ધ હોય એવા તમામ વાજબી પગલાઓ લેવા માટે તેમના વતીથી કાર્યરત તૃતીય પક્ષો સાથે કામ કરો.

જ્યારે નાણાકીય સહાય માટેની વિનંતી નકારવામાં આવે છે ત્યારે અરજદારને લેખિતમાં સૂચિત કરવામાં આવશે. જો દર્દી કુલ બિલની ચુકવણી કરી શકતો ન હોય, તો નાણાકીય સલાહકારો તેની સાથે વૈકલ્પિક ચુકવણી વ્યવસ્થાઓ પર ચર્ચા કરશે.

**<u>વ્યાપકપણે પ્રસિદ્ધિ:</u>**

ડોયલેસ્ટાઉનની એફએપી, અરજી અને પ્લેઇન લેન્ગવેજ સમરી (પીએલએસ) અંગ્રેજીમાં અને અંગ્રેજીમાં મર્યાદિત પ્રાવીણ્ય ધરાવતા લોકોની પ્રાથમિક ભાષા ("એલઇપી")માં ઉપલબ્ધ છે. જે 1,000 થી ઓછી વ્યક્તિઓ અથવા ડોયલેસ્ટાઉનની પ્રાથમિક સેવા ક્ષેત્ર દ્વારા સેવા અપાતા સમુદાયના 5% જેટલી છે.

તમામ એફએપી, અરજીઅને પીએલએસ નીચે આપેલ વેબસાઇટ પર ઑનલાઇન ઉપલબ્ધ છેઃ

**ડોયલેસ્ટાઉન હોસ્પિટલ**
**નાણાકીય સહાય નીતિ ("એફએપી")**

https://www.doylestownhealth.org/for-patients-visitors/billing-finance/financial-assistance-program

એફએપી, અરજી અને પીએલએસના પેપરોની નકલો મેલ દ્વારા કોઈપણ ચાર્જ વિના વિનંતી કરવાથી અને સમગ્ર હોસ્પિટલ સુવિધાઓના ઇમરજન્સી વિભાગ, એડમિશન અને નોંધણી વિભાગો અને પેશન્ટ બિલિંગ એન્ડ ફાઇનાન્સિયલ સર્વિસીસ ઓફિસ સહિત વિવિધ વિસ્તારોમાં ઉપલબ્ધ હોય છે.

દાખલ/રજા આપવાની પ્રક્રિયાના ભાગરૂપે બધા દર્દીઓને પીએલએસની નકલ આપવામાં આવશે.

ઇમરજન્સી વિભાગ, એડમિશન/ નોંધણી વિભાગો અને પેશન્ટ બિલિંગ એન્ડ ફાઇનાન્સિયલ સર્વિસીસ ઓફિસ સહિત જાહેર હોસ્પિટલ સ્થળોમાં ચિહ્નો અને પ્રદર્શનો પોસ્ટ કરવામાં આવશે, જે નાણાકીય સહાયની ઉપલબ્ધતા વિશે દર્દીઓને સૂચિત અને માહિતગાર કરે છે.

ડોયલેસ્ટાઉન સમુદાયના સભ્યોને નાણાકીય સહાયતાની ઉપલબ્ધતા વિશે જાણ કરવા માટે વાજબી પ્રયત્નો કરશે.

**<u>બિલિંગ અને સંગ્રહ:</u>**

**<u>આંતરિક રેવન્યૂ કોડ §501 (r) (6):</u>**

"નોટિફિકેશન પીરિયડ"ની સમાપ્તિની પહેલાં ઇન્ટરનલ રેવન્યુ કોડ વિભાગ 501 (આર) (6) દ્વારા વ્યાખ્યાયિત કર્યા મુજબ ડોયલેસ્ટાઉન કોઇ પણ ઇસીએએસમાં સંલગ્ન નથી. નોટીફીકેશન પીરીયડ 120-દિવસના સમયગાળા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે, જે 1 લી પોસ્ટ-ડિસ્ચાર્જ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખથી શરૂ થાય છે, જેમાં દર્દી વિરુદ્ધ કોઇ ઇસીએ શરૂ કરવામાં આવી નથી.

નોટિફિકેશન પીરિયડ બાદ ડોયેલેસ્ટાઉન અથવા તેના વતી કાર્યરત કોઇપણ તૃતીય પક્ષો, તૃતીય પક્ષ કલેક્શન એજન્સીને એકત્રિ ન કરી શકાયેલા દેવાનો ઉલ્લેખ કરશે. જો કોઇ એફએપી -પાત્રતા નિર્ધારિત કરવામાં ન આવી હોય અથવા જો કોઇપણ વ્યક્તિ નાણાકીય સહાય માટે અપાત્ર હોયતો બિન ચુકવણીની ઘટનામાં, તૃતીય પક્ષ કલેક્શન એજન્સીઓ, ગ્રાહક ક્રેડિટ રિપોર્ટિંગ એજન્સીઝ અથવા ક્રેડિટ બ્યુરોને કોઈપણ બિન-ચૂકવેલ સિલક માટે વ્યક્તિની પ્રતિકૂળ માહિતીની જાણ કરશે.

ડોયલેસ્ટાઉન તૃતીય પક્ષોને નોટીફીકેશન પીરીયડ પછી ગુનાહિત દર્દીના એકાઉન્ટ્સ પર એસીએએસ શરૂ કરવા માટે અધિકૃત કરી શકે છે. આ એફએપી હેઠળ નાણાકીય સહાય માટે કોઈપણ વ્યક્તિ પાત્ર છે કે નહીં તે નિર્ધારિત કરવા માટે વાજબી પ્રયત્નો કરવામાં આવ્યા છે કે નહીં તેની તેઓ ખાતરી કરશે અને કોઇપણ ઇસીએ શરૂ કરવાના ઓછામાં ઓછા 30 દિવસ પહેલાં નીચેના પગલાં લેશે:

1. દર્દીને લેખિત સૂચના આપવામાં આવશે જે:

   a. દર્શાવે છે કે નાણાકીય સહાય પાત્ર દર્દીઓ માટે ઉપલબ્ધ છે;
   b. ડોયલેસ્ટાઉન આરોગ્ય સંભાળની ચુકવણી મેળવવા માટે જે ઇસીએ શરૂ કરવાનો ઈરાદો ધરાવે છે તેને ઓળખે છે; અને
   c. એક સમયમર્યાદા બતાવે છે કે જેના પછી આવા ઇસીઓએસ શરૂ કરી શકાય છે.

2. દર્દીને આ લેખિત સૂચના સાથે પીએલએસની એક નકલ પ્રાપ્ત થઇ છે; અને

**ડોયલેસ્ટાઉન હોસ્પિટલ**
**નાણાકીય સહાય નીતિ ("એફએપી")**

3. વ્યક્તિને એફએપી વિશે અને નાણાકીય સહાયતા અરજી પ્રક્રિયાની મદદથી વ્યક્તિ કેવી રીતે સહાય મેળવી શકે તે બાબતે મૌખિક રીતે સૂચિત કરવા માટે વાજબી પ્રયત્નો કરવામાં આવ્યા છે.

અરજીનાં સમયગાળા દરમિયાન સબમિટ કરવામાં આવેલી આ નીતિ હેઠળ ઉપલબ્ધ નાણાકીય સહાય માટેની તમામ એપ્લિકેશન્સ ડોયલેસ્ટાઉન સ્વીકારી લેશે અને તેની પર પ્રક્રિયા કરશે.